આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી
માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા,
શિસ્ત બાબતના નિયમો

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ(પાર્ટ-૨)
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૦૧/૨૦૨૨

**વંચાણે લીધા:**

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૨૦૧૯નો સમાન ક્રમાંકનો ઠરાવ
(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૭/૧૧/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ.
(3) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: વહસ/૧૦૨૦૨૧/૪૩૫/વસુતાપ્ર-૨.

**સુધારા ઠરાવ:-**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો બહાર પાડવામાં આવેલ હતા. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમોમાં સુધારો બહાર પાડવામાં આવેલ હતો, જેમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી માટે પરિશિષ્ટ-૨ થી એફિડેવિટ (સોગંદનામા) નો નમુનો બહાર પાડેલ હતો. વંચાણે લીધા (૩) પરના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવથી રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયેની આપવામાં આવતી સેવાઓ માટે એફિડેવિટની પ્રક્રિયા રદ કરીને સ્વઘોષણા (Self-Declaration) ની પ્રક્રિયા અમલમાં મૂકવાનું ઠરાવેલ છે. જે અન્વયે વંચાણે લીધા (૨) પરના ઠરાવથી બહાર પાડેલ પરિશિષ્ટ-૨ રદ કરીને સ્વઘોષણાનો નમુનો તેમજ અન્ય સ્પષ્ટતા બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

(1) વંચાણે લીધા (૧) પરના ઠરાવની જોગવાઈ ક્રમાંક ૩.૧૧માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે:

"અરજદારે રજુ કરેલ માહિતી અને પ્રમાણપત્રો સાચા છે તે બાબતે આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબના નમુનાનું સ્વઘોષણા (Self-Declaration) અરજદારે રજુ કરવાનું રહેશે."

(2) વંચાણે લીધા (૨) પરના ઠરાવથી બહાર પાડેલ પરિશિષ્ટ-૨નો એફિડેવિટનો નમુનો આથી રદ કરવામાં આવે છે, તેમજ આ સાથે સામેલ સ્વઘોષણા (Self-Declaration)નો નમુનો (પરિશિષ્ટ-૨) લાગુ પાડવામાં આવે છે.

(3) વંચાણે લીધા (૨) પરના ઠરાવથી નક્કી કરેલા સુધારાઓ હવે પછી જાહેર કરવામાં આવનાર ભરતીઓ માટે લાગુ થશે. એટલે કે તા.૧૭/૧૧/૨૦૨૧ પહેલા શરૂ કરવામાં આવેલ ભરતી પ્રક્રિયામાં કોઈ બાધ આવશે નહિ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જી.રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ સવિનય રવાના:

(1) માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(2) માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(3) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(4) અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(5) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(6) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(7) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ..........................
(8) તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ...............................
(9) વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
(10) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................
(11) તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, ..............................
(12) નાણાં સલાકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(13) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(14) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(15) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ શાખાઓ.
(16) સિલેક્ટ ફાઇલ.

(આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો)

## પરિશિષ્ટ-૨ (નિયમ-૩.૧૧)

### સ્વ ઘોષણા (Self-Declaration) નો નમુનો

હું નીચે સહી કરનાર નામ (ધોરણ-૧૦ના પ્રમાણપત્ર મુજબ) ................................................, લગ્ન બાદનું અથવા હાલનું નામ .........................................................જન્મ તારીખ ..............., રહેવાસી ............. ગામ, ............. તાલુકો, ............ જિલ્લો, રાજ્ય ગુજરાત, આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી અંગેની જિલ્લાની જાહેરાત ક્રમાંક........... અન્વયે આથી જાહેર કરૂં છું કે મારા દ્વારા નીચે મુજબ આપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઈ બાબત છુપાવેલ નથી:

1. આંગણવાડી કાર્યકર/તેડાગર માટેની પસંદગી પ્રક્રિયા માટે ઓનલાઈન અરજીમાં ભરેલ તમામ માહિતી/પ્રમાણપત્રો/પુરાવાઓ સાચા છે.
2. હું ગુનાહિત ઈતિહાસ ધરાવતી નથી, પોલીસ ફરિયાદ થયેલ નથી તેમજ અદાલત દ્વારા સજા જાહેર થયેલ નથી.
3. મને અદાલત દ્વારા નાદાર જાહેર કરવામાં આવેલ નથી.
4. દંડનીય કાર્યવાહીના ભાગરૂપે મને અગાઉની કોઈપણ સરકારી/અર્ધ સરકારી/માનદ સેવામાંથી ફરજમોકુફ કે બરતરફ કરવામાં આવેલ નથી.
5. મેં અરજી કરેલ આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી કાર્યકર/તેડાગર એક જ કુટુંબના સભ્ય (સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, બે બહેનો, નણંદ-ભાભી) હોય એવી સ્થિતિ બનતી નથી.
6. હું કોઈપણ સ્થાનિક સ્વરાજ સંસ્થા/વિધાનસભા/લોકસભા અથવા કોઈપણ સહકારી સંસ્થા/રજિસ્ટર્ડ સોસાયટી/રજિસ્ટર્ડ ટ્રસ્ટમાં માનદ સેવાનું અથવા ચૂંટાયેલ પદ કે હોદ્દો ધરાવતી નથી/ધરાવું છું, પરંતુ, આંગણવાડી કાર્યકર/તેડાગર તરીકે પસંદ થયેથી આવું પદ છોડવા સંમત છું.

હું એ જાણું છું કે ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાને પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

સ્થળ ................      સહી .....................

તારીખ ............      પુરૂ નામ.................

આધારકાર્ડ/ઓળખના પુરાવાનો નંબર ..........